હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, આવડો થયો પણ હજુ સુધી સ્માર્ટ ફોન માંદતો નથી... તો ચિંતા થાય છે... અને કોઇ માનસીક બામારીતો નહી હોય ને...!!!

ગ્રામ પંચાયતના વીસીઈ કર્મચારીઓના ધરણા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતની ૧૪ હજાર ગ્રામપંચાયતમાં વીસીઈ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓના પડતર પ્રશ્નોનો આજદિન સુધી નિકાલ આવ્યો નથી. સરકાર સમક્ષ વારંવાર રજુઆત કરવા છતા વીસીઈના પ્રશ્નો ઉકેલ નહી આવતા આજે શહેરની છાવણી ખાતે વીસીઈ કર્મચારીઓ ઉમટી પડીને ધરણા યોજ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયની ગ્રામપંચાયતમાં ૧૪ હજાર વીસીઈ કર્મચારીઓ વર્ષોથી પોતાની ફરજ નિભાવે છે. વીસીઈ કર્મચારીઓ છેવાડાના માનવી સુધી સરકારી યોજનાનો લાભ પહોંચાડવામાં મદદરૂપ બને છે. વીસીઈ કર્મચારીઓ સર્વેને લગતી ડીજીટલ કામગીરી કરે છે. તે ઉપરાતં મહેસુલ-અન્ન પુરવઠા વિભાગ, ચુંટણીની કામગીરી, પંચાયતને લગતી કામગીરી પણ કરે છે. વર્ષોથી પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા વીસીઈમાં રોષ જોવા મળ્યો છે. વીસીઈ કર્મચારીઓની માંગ છે કે તેઓ જેટલુ કામ કરે છે તેટલુ જ કમિશન અને તે મુજબ પગાર પણ મળવો જોઈએ. વીસીઈના પગારમાં રહેલી વિસંગતતા દુર કરવી, તેમજ કર્મચારીઓને કાયમી કરીને દરેક સરકારી લાભ આપવામાં આવે.ગ્રામ પંચાયતમાં વીસીઈ કર્મચારીઓ સરકારી કર્મચારીઓ જેટલુ કામ કરે છે પંરતુ પગાર ધોરણ ન હોવાથી તેઓની હાલત કફોડી બને છે. રાજયની ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ કેન્દ્રો છે. જેમાં વીસીઈ કર્મચારીઓ ફરજ બજાવે છે. સરકારી યોજના થી લઈને ચુંટણીને લગતી કામગીરી પણ કરતા હોય છે. તેમ છતા પોતાના પડતર પ્રશ્નોનો આજદિન સુધી ઉકેલ ન આવતા આજે સત્યાગ્રહ છાવણી ખાતે વીસીઈ કર્મચારીઓએ ધરણા કર્યા હતા. જયારે પડતર પ્રશ્નોનો ઝડપી ઉકેલ નહી આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

ખૂણેખાંચરેથી

● ધારાસભ્ય શંભુજી ઠાકોર આજે જિલ્લા પંચાયતની બાંધકામ સહિતની વિવિધ શાખાઓની મુલાકાતે આવ્યા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે જી.સ્વાનનું નેટવર્ક ખોરવાઈ જતાં પંચાયતની કામગીરી પર વિપરીત અસરો પડી હતી.

● જિલ્લા પંચાયતની ઘણી શાખાઓમાં પીવાના પાણી માટે કર્મચારીઓ દ્વારા હવે મિનરલ વૉટરના જગ ખરીદવામાં આવી રહ્યા છે.

● જિલ્લા પંચાયતમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. પ્રથમ મજલે આવેલ અધિકારી ટોયલેટમાં યુરીન ટબની નીચે પાઈપ જ નથી. મહિલાઓ માટેના ટોયલેટની હાલત પણ દયનીય છે.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે જિલ્લા લેન્ડ ગ્રેબીંગ એક્ટની અમલીકરણ સમિતિની બેઠક મળી હતી.

● ગરમીનો પ્રકોપ વધતાં ચાના સ્ટોલ પર જામતી ઘરાકીમાં કડાકો બોલ્યો છે. બીજી તરફ શેરડીના રસની માંગમાં વધારો થયો છે.

● ગાંધીનગર મનપાની ક્રિકેટ ટીમ આજે રાજકોટ મનપા સામે મેયર કપની પ્રથમ મેચ રમશે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

● આજે જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે પંચાયતના અધિક મુખ્ય સચિવ વિડીયો કોન્ફરન્સ કરી પંચાયોતની કામગીરીની સમીક્ષા કરશે.

● દહેગામના સામેત્રી ગામે નવનિર્મિત મહાકાળીમાતાજીના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગરની મુલાકાત

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગરની મુલાકાત તારિખ

૧૧ ના રોજ ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિએ ગાંધીનગર ખાતેના વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના માનનીય પ્રમુખ પુંજાભાઇ વંશની આગેવાનીમાં સમિતિના અન્ય સભ્યો રાકેશભાઈ શાહ, અરવિંદકુમાર પટેલ, ગોવિંદભાઇ પટેલ, ભગાભાઈ બારડ, વિરજીભાઈ ઠુમ્મર, જીતેન્દ્રભાઈ સુખડીયા, વિવેકભાઈ પટેલ, અને રમણલાલ પાટકર ઉપસ્થિત રહ્યા હતા.

મુલાકાત દરમ્યાન તેઓને વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે થતી કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા હતા, જેમા રાજ્યનાં શાળા શિક્ષણના દરેક પાસાઓનું ઓનલાઇન રીઅલટાઇમ મોનીટરીંગ દ્વારા ડેટા-આધારિત પ્રકલ્પોની જાણકારી આપવામાં આવી હતી. વિદ્યા સમિક્ષા કેન્દ્રમાં રાજ્યના શિક્ષકો અને વિદ્યાર્થીઓની દૈનિક ઓનલાઇન હાજરી, એસેસમેન્ટ, ગુણોત્સવ ૨.૦, ટેક્નોલોજી આધારીત લર્નિંગ, ્ર-જીરટ્ટઞ્ઞટ્ટ, ઝઈઝ/ર્ઈઝ મોનિટરીંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું લગભગ ૧૦૦૦ કરોડ ડેટા સેટનું ઓનલાઇન રીઅલટાઇમ મોનિટરીંગ અને વિશ્લેષણ કરવામાં આવે છે. આ ઉપરાંત ખાસ એકમ કસોટી અને સત્રાંત કસોટીના પરીણામોનું વિશ્લેષણ કરી રાજ્યના વિદ્યાર્થીઓ ધોરણ-અનુરૂપ લર્નિંગ આઉટકમ્સ (ઁ) હાંસિલ કરે તે સુનિશ્ચિત કરવામાં આવે છે. આ માટે વિષય-કસોટી-પ્રશ્ન-ર્ંઁ આધારીત જીંઞ્ઞીહં ઈીંિ ઝ્ઞટ્ઞિ પણ તૈયાર કરવામાં આવ્યા છે. તદઉપરાંત, રાજ્યમાં શિક્ષણક્ષેત્રે કરવામાં આવનાર ભવિષ્યલક્ષી પ્રોજેક્ટ એવા "મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ" પ્રોજેક્ટ વિષે પણ માહિતી આપવામાં આવી હતી. ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રાજ્યમાં આવતા પાંચ વર્ષમાં આશરે રૂ.૧૦,૦૦૦ કરોડના ખર્ચે "મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ" હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યની કુલ સરકારી શાળાઓ પૈકી ૫૦ ટકા શાળાઓ, એટલે કે ૨૦,૦૦૦ શાળાઓને વિશ્વ-કક્ષાની માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક સવલતો પુરી પાડી ઉત્કૃષ્ટ બનાવાશે. જે થકી રાજ્યના સરકારી શાળાના ૮૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે અને જે આવનારી પેઢી માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે મદદરૂપ બનશે. વિદ્યા સમીક્ષા કેન્દ્રની કામગીરી અને "મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ" પ્રોજેક્ટ વિષેની માહિતીથી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના માનનીય પ્રમુખ શ્રી પુંજાભાઇ વંશ અને તમામ સભ્યો ખૂબ પ્રભાવિત થયા હતા તેમજ શિક્ષણક્ષેત્રે ટેક્નોલોજીનો ઉપયોગ કરી શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ માટે આ નવીન પહેલને બિરદાવી હતી અને ગુજરાત રાજ્યના શિક્ષણક્ષેત્રે પ્રગતિ કરે તે માટે ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ મુલાકાતમાં શિક્ષણ વિભાગના સચિવ ડૉ. વિનોદ રાવ અને અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સેકટર-૧૨ ખાતે ઘરમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૧૨ ખાતે રહેતા યુવકનો મૃતદેહ તેના ઘરમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ હતી. યુવકના માતા-પિતા વિદેશમાં રહે છે.જયારે યુવક શહેરમાં એકલો જ રહેતો હતો. ઘરમાંથી અસહ્ય દુર્ગંધ મારતા વસાહતીઓએ પોલીસને જાણ કરતા પોલીસને તપાસ કરતા ઘરમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૨ બી પ્લોટ નં. ૪૯૭-૨ ખાતે રહેતા ૪૧ વર્ષિય ચાર્લ્સ સેલીસભાઈ ખ્રિસ્તીના ઘરમાંથી અસહ્ય દુર્ગંધ આવતા સ્થાનિક વસાહતીઓએ પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસના જવાનો સ્થળ પર પહોંચી જઈને કામગીરી શરુ કરી હતી. જેમાં ઘરનો દરવાજો અંદરથી બંધ હોવાથી પોલીસે બારીમાંથી ઘરમાં નજર નાંખતા અસહ્ય દુર્ગંધ આવતી હતી. જેથી પોલીસે તાત્કાલીક અસરથી દરવાજો તોડવાનું નક્કી કર્યું હતું. જે અંગે ચાર્લ્સના ફોઈને બોલાવીને તેમની હાજરીમાં દરવાજો તોડીને અંદર જોતા પલંગ પર ચાર્લ્સની ડીકમ્પોઝ થઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ઘરમાંથી આવતી અસહ્ય દુર્ગંધ અને ગંદકી પગલે કોઈ ઘરમાં કોઈ ઉભા રહેવા માટે પણ તૈયાર ન હતું તેવી સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે કામગીરી સમયે એરફેશનર છાંટવાની ફરજ પડી હતી. મળતી વિગત મુજબ ચાર્લ્સના માતા-પિતા વર્ષોથી ન્યુઝીલેન્ડ ખાતે સ્થાઈ થઈ ગયા છે. તેની બે બહેનો પણ ન્યુઝીલેન્ડમાં વસવાટ કરે છે. આજે ચાર્લ્સનો બર્થ ડે પણ હતો. જયારે ચાર્લ્સ પણ ન્યુઝીલેન્ડ રહેતો હતો. પરંતુ કોઈ કારણોસર તે પરત આવ્યો હતો. ત્યારબાદ વૈશ્વિક મહામારી કોરાનાના કપરા સમયમાં તે ન્યુઝીલેન્ડ જઈ શક્યો ન હતો. જયારે તેના માતા પિતા પણ ગાંધીનગર આવ્યા ન હતા. આર્થિક રીતે સધ્ધર હોવાથી ચાર્લ્સ વેપાર કે નોકરી કરતો ન હતો. જયારે રવિવારના રોજ તેણે છેલ્લા કોલ કર્યો હોવાનું તેના મોબાઈલ તપાસમાં જાણવા મળ્યું છે. જેથી ચાર્લ્સનો મૃતદેહ બે ત્રણ દિવસ જુનો હોવાની શકયતાઓ છે. ચાર્લ્સના માતા-પિતાને પણ ઘટનાની જાણ કરી દેવાઈ છે. જો કે મૃતદેહ ડીકમ્પોઝ થઈ ગયો હોવાથી તેની અંતિમવિધી તાત્કાલીક કરવી જરુરી હતી. જેથી જરુરી કાનુની કાર્યવાહી કરી મૃતદેહ નજીકના પરિવારજનો-સ્નેહીજનોને સોંપવામાં આવતા તેની અંતિમવીધી કરી દેવાઈ હતી. જો કે પીએમ રીપોર્ટમાં પ્રાથમિક રીતે હાર્ટ એટેક હોવાનું જાણવા મળ્યું છે.પરંતુ એફએસએલની રીપોર્ટ બાદ યુવકના મૃત્યુનુ ચોક્કસ કારણ જાણી શકાશે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

છોકરીઓની મશ્કરી કરતા છોકરાઓને ઠપકો આપવા ગયેલા યુવકને છુટ્ટો પથ્થર મારતા ફ્રેકચર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના ખ માર્ગ પર બેસી રહેલી છોકરીઓની મશ્કરીઓ કરતા છોકરાઓને સેકટર-૧૪ ખાતે રહેતો યુવક ઠપકો આપવા ગયો હતો. ત્યારે મશ્કરી કરતા છોકરાઓ પૈકી એક છોકરાએ આ યુવકને ગોળો બોલીને પથ્થર છુટો મારતા યુવકને પાંસળીના ભાગે ફ્રેકચર થયું છે. બનાવ અંગે યુવકે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૪ એચઆઈજી ૩-૩૦ સરદાર પટેલ હાઉસીંગ સોસાયટી ખાતે રહેતા હર્ષ દેવેન્દ્રભાઈ વ્યાસા પોતાના પરિવાર સાથે રહે છે. ઈન્ફોસીટી ખાતે આવેલી ઈ-ટેક કંપનીમાં ટીમ બીડર તરીકે હર્ષ નોકરી કરે છે. જયારે યુવકનો નોકરીનો સમય સાંજના ૫.૩૦ થી રાત્રીના અઢી વાગ્યાનો છે. જયારે આજે યુવક બપોરના ૩.૩૦ વાગે નોકરી પર જવા માટે બાઈક નં. જી.જે.૧૮.સી.ઈ.-૯૬૩૦ લઈને નીકળ્યો હતો. તે સમયે ખ માર્ગ પર મહાત્મા મંદિર પાસેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે એક કાળા એકટીવા પર નીકળેલી અને ખ માર્ગ પર બેસી રહેલી છોકરીઓની કેટલાક છોકરાઓ મશ્કરી કરી રહ્યા હતા.જેથી યુવકે બાઈક ઉભુ રાખીને ઠપકો આપવા ગયો હતો. ત્યારે બે છોકરાઓ પૈકી એક છોકરાએ યુવકને ગાળો બોલી હતી ગાળો બોલવાની ના પાડતા શખ્સે મેટલનો પથ્થર બરડાના ભાગે છુટ્ટો મારતા ઈજા પહોંચી હતી. ત્યારબાદ યુવકે ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસ બોલાવી હતી. ત્યારબાદ યુવકે તેના સાળાને પણ બોલાવ્યો હતો અને તે સેકટર-૨૧ પોલીસ મથકે ગયા હતા. જયારે યુવકને વધારો દુખાવો થતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયાં ડોકટરે પ્રાથમિક સારવાર આપી પાંસળીના ભાગે ફ્રેકચર હોવાનું નિદાન થયુ હતું. જયારે પોલીસ આવે તે પહેલા એકોન નામનો શખ્સ ભાગી ગયો હતો. યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કર્ણાવતી યુનિવર્સિટીના કેમ્પસમાંથી બાઈક ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ઉવારસદ કર્ણાવતી યુનિવર્સિટી કેમ્પસમાંથી બાઈક ચોરી કરનાર શખ્સને અડાલજ પોલીસે ગણતરીના કલાકોમાં પકડી પાડ્યો છે. ઉવારસ ગામે રહેતા ચિરાગ રાવળ કર્ણાવતી કેમ્પસ ખાતે ફરજ બજાવે છે. ગત તા.૬ ના રોજ કેમ્પસમાં પાર્કિંગમાંથી બાઈકની ચોરી થઈ હતી. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઉવારસદ કર્ણાવતી યુનિવર્સિટીના કેમ્પસમાંથી બાઈક ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. જેને પગલે અડાલજ પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન.એસ.ઝાંબરે તેમજ ટીમના સભ્યો કામગીરી કરી રહ્યા હતા. પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે સમયે અનિલસિંહ દિલિપસિંહને બાતમી મળી હતી કે બાઈક ચોરી કરનાર શખ્સ વાદળી કલરની ટી-શર્ટ અને વાદળી કલરનું જીન્સ પેન્ટ તેમજ માથે સફેદ ટોપી પહેરી છે. તે શખ્સ બાઈક લઈ ઉવારસદ થી અડાલજ તરફ જાય છે. જેથી પોલીસે ઉવારસદ-અડાલજ રેલ્વે ફાટક પાસે જી.જી.એસ.પાસે વોચ

ગોઠવી હતી. જયારે બાતમીના વર્ણનવાળો શખ્સ દેખાતા પોલીસે પકડી પાડી તેનું નામ પુછતા તેણે વિનય વિનોદભાઈ પટેલ (ઉં.૨૦ સેકટર-૨૪, અભ્યાસ, મ.નં.-૬૩ પટેલ પાર્લરની પાછળ મુળ-સુરેન્દ્રનગર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે યુવકને યુકિત પ્રયુકિતથી પુછતાછ કરતા યુવક ભાંગી પડ્યો હતો. ઉપરોક્ત ગુનાની કબુલાત કરતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે શખ્સ પાસેથી મળી આવેલ બાઈક નં. જી.જે.૧૩.ડી.ડી.-૪૭૧૯ અંગે પુછપરછ કરતા તેણે આ બાઈક સાર્થક મોલ ખેતલા આપા ટી સ્ટોલ પાસે પાર્ક કરેલુ હતું. તે જગ્યાથી ચોરી કરી હોવાની હકીકત કહી હતી. જયારે ચોરી કરનાર શખ્સ શહેરના સર્કલ, મોલ, કોલેજ, સ્કુલ, સહિતની જગ્યા પરથી ટુ વ્હીલર ચોરી કરી રૂપીયા માટે ગીરવે મુકી દેવાની ટેવ ધરાવે છે.

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યા મંદિરના બાળકો વોલીબોલમાં વિજેતા

ગાંધીનગર, તા. ૧૧

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિરના મૂક-બધિર ૧૬ વર્ષથી ઉપરની વયના વિદ્યાર્થી ખેલ મહાકુંભ-૨૦૨૧માં વોલીબોલ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ નંબરે વિજેતા થયેલ છે. વિજેતા વિદ્યાર્થીઓને સંચાલક વૈભવ જાની દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સેકટર-૨૭ એકતા કોલોનીમાંથી પલ્સર બાઈક ચોરીની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં ટુ-વ્હીલર ચોરીની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટર-૨૭ એકતા કોલાની મકાન નં.૭૪૮ ખાતે રહેતા ૩૭ વર્ષિય કૃણાલ દિનેશભાઈ મોદી પરિવાર સાથે રહે છે. જયારે કૃણાલ મોદી અમદાવાદ એરપોર્ટ ખાતે સિવિલ એન્જીનિયર તરીકે છેલ્લા એક માસથી ફરજ બજાવે છે. જયારે નોકરી પર આવન જાવન માટે કૃણાલ પલ્સર બાઈક નં.જી.જે.૧૮.ડી.એલ.-૭૭૨૩ નો ઉપયોગ કરતો હતો. ત્યાર ગત તા.૯ ના રોજ કૃણાલ નોકરી પરથી આવીને બપોરના ૪ કલાકે ઘર સામે પલ્સર બાઈક પાર્ક કર્યું હતું.જયારે બીજા દિવસે સવારે ૮ વાગે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું.જેથી આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરી હતી. પરંતુ બાઈકે અંગે કોઈ માહિતી મળી ન હતી. જેથી યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૯૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

સાદરા સંકુલમાં બળદેવ રાઠોડનો વયનિવૃત્તિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલની અધ્યક્ષતામાં આજીવન સેવક બળદેવભાઈ રાઠોડનો વયનિવૃત્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સૂતરની આંટી, કળશ-નાળિયેર, શુદ્ધ સફેદ પાંચ મીટર ખાદી અને સન્માનપત્ર અને સમૂહ ભોજન સાથેના કાર્યક્રમના ઉદ્‌ઘોષક ડૉ. પ્રા. દિવ્યેશ ભટ્ટે શુભેચ્છા સંદેશાઓનું વાચંન કર્યુ હતુ. ડૉ. ગાયત્રીદત્ત મહેતા, ડૉ. જ્યોતિબહેન લાંબા, ડૉ. કનુભાઈ વસાવા અને ડૉ. રાજેન્દ્રભાઈ જોષી, આશવ શાહે પ્રતિભાવો આપી વય નિવૃત્ત થતા બળદેવાઈ રાઠોડ આ સંસ્મરણોની યાદ અપાવી. સંકુલ સંયોજક અને સભા અધ્યક્ષ પ્રા. રમેશભાઈ પટેલે ૧૯૭૮ થી ૨૦૨૨ સુધીની સેવાયાત્રાનું વર્ણન કરતાં જણાવ્યું કે બળદેવ રાઠોડે સંકુલ સાદરાના અંધારાને અજવાળામાં ફેરવવાનું કામ કર્યુ છે કારણ તેઓની સેવાની શરૂઆત ઈલેક્ટ્રીશીયન તરીકેની હતી. આજે ક્લાર્કની સેવામાંથી વય નિવૃત્તિએ નિવૃત્ત થાય છે. પણ સદાય પ્રવૃત્ત રહેવાની ખાત્રી આપી હતી. સંગીત શોખીન જગદીશ પરીખે વિદાય ગીત ગાઈ શ્રોતાજનોની આંખમાં આંસુ લાવી દીધા. રાષ્ટ્રીય સેવા યોજના એકમના થનગનતા પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંએ આભારદર્શન કર્યુ. કાર્યક્રમના અંતે એક જ ડાળના પંખી અમે સહું સંઘગાન ગાવામાં આવ્યું. સૌ અધ્યાપકો, સેવકોના સહયોગથી વય નિવૃત્તિ કાર્યક્રમ સફળ રહ્યો. કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણી તેમજ કુલ સચિવ ડૉ. નિખિલ ભટ્ટે શુભેચ્છા સંદેશો મોકલી આપ્યો હતો.

વિરસોડા ગામમાં રામજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૧

જોટાણા તાલુકાના વિરસોડા ગામમાં રામજી મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૮ થી ૧૦ સુધી સમસ્ત વિરસોડા ગ્રામ પરિવાર તરફથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં તા. ૯ ના રોજ રાત્રે ગુજરાત સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુજરાતના નામાંકીત કલાકારો સુખદેવ ગઢવી, ચેતન ગઢવી, મહેબુબ મીર અને જીગીશા સથવારાએ રંગત જમાવી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નરહરદાન ગઢવીએ કર્યુ હતુ. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો તથા સાધુ-સંતો, આમંત્રીત મહાનુભાવો અને મહેમાનોએ સમગ્ર કાર્યક્રમને દિલથી માણ્યો હતો.

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા ૧૬મીએ સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવાસમાજ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સદગુરુ સંતશ્રી ભોજલરામ બાપાની ૨૩૭મી જન્મજયંતિ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વૈશાખ સુદ પૂનમે સોમવારે ૧૬મેના રોજ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેકટર-૭-સી, ગાંધીનગર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સંજય સોજીત્રા, હાસ્ય કલાકાર અને પીનલ પટેલ, લોકગાયિકા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવશે.

એ.એમ.સી. મેટ ખાતે રાજ્ય કક્ષાની ક્વિજ સ્પર્ધા યોજાઈ

ધ નર્સિંગ ટીચર્સ એસોસિએશન ઈન્ડિયાની રાષ્ટ્રીય શાખાના પ્રમુખ ડૉ. ફારૂકખાન અને ઉપપ્રમુખ ડૉ. મનીષકુમારના આશ્રય હેઠળ અને ગુજરાત રાજ્યના પ્રમુખ હિંમાશુ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ એએમસી મેટ ખાતે રાજ્યકક્ષાની ક્વિજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. નર્સિંગ કોલેજ અમદાવાદ જેમાં જ્યુરી સભ્યો તરીકે શ્રીમતી આશા પટેલ પ્રિન્સિપાલ સરકારી કોલેજ ઓફ નર્સિંગ અમદાવાદ, જોય મામડિયા પ્રિન્સિપાલ નરનારાયણ શાસ્ત્રી કોલેજ ઓફ નર્સિંગ અને એન.ટી.એ.આઈ. બ્રાન્ચ વાઈસ પ્રેસિડેન્ટ પ્રો. ફાલ્ગુની મોદી, પ્રિન્સિપાલ એએમસી મેટ નર્સિંગ કોલેજ અમદાવાદ સહિત ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. તૃપ્તિ સાથે હાજર રહ્યા હતા. આ દિવસે ક્વિજ સ્પર્ધામાં ૨૦ નર્સિંગ ટીમની જૂથે ભાગ લીધો હતો. ન્યાયાધીશોએ તમામ જૂથોના પ્રશ્નોના જવાબો આપ્યા. જેમાંથી ૬ જૂથોને અંતિમ રાઉન્ડ માટે પસંદ કરવામાં આવ્યા જે ૧૨મે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસના રોજ યોજાશે. આ સ્પર્ધાનું સંચાલન મિસ સ્તુતિ ક્રિશ્ચિયન અને મિસ પ્રિમા દ્વારા કરવામાં આવ્યુ હતુ. અને એનટીએઆઈ રાજ્ય શાખાના ખજાનચી અભિનવ ભટ્ટે સફળ કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. અને એનટીએઆઈના તમામ સભ્યોને માર્ગદર્શન આપ્યું હતું.